


ટ્રિનિટી સ્કૂલ તલોદમા ગણિત-વિજ્ઞાન ઉત્સવ ખુબ સુંદર રીતે ઉજવાયો.બાળવૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરાયેલા ૧૫૦ કરતા પણ વધુ પ્રોજેક્ટ રજૂ કરવામા આવ્યા જેને નિહારવા મોટી સંખ્યામાં વાલી મિત્રો હાજર રહ્યા હતા. શાળાના ટ્રસ્ટ્રીઓ ડૉ.વસંતભાઈ, ડૉ.કિરીટભાઈ,આચાર્ય અલ્પેશભાઈ એ પણ બાળકોના પ્રોજેક્ટ નિહાળી પ્રોત્સાહિત કર્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા સ્ટાફમિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

**રાજસ્થાનથી ગાંધીનગર લગ્નપ્રસંગમાં નીકળેલી મહિલાઓને**

# સફારીમાં મુસાફર તરીકે બેસાડી લૂંટી લેનાર આંતરરાજ્ય ગેંગનો આરોપી જબ્બે

મોડાસા, તા. ૨૭

રાજસ્થાનની બે મહિલાઓ થોડા દિવસ અગાઉ લગ્નપ્રસંગમાં ગાંધીનગર હાજરી આપવા નીકળ્યા હતા ઉદેપુર થી ટાટા સફારીમાં મુસાફર તરીકે બેસાડી અમદાવાદ તરફ હંકારી મૂકી હતી





ટાટા સફારી શામળાજી પાર્સલ લેવા જવાનું હોવાનું જણાવી તેમને સર્વિસ રોડ પર ઉતારી દઈ તેમની પાસે રહેલા થેલમાંથી ૨.૨૫ લાખના સોનાના દાગીના લૂંટી લઇ ફરાર થઇ જતા બંને મહિલાઓ બેબાકળી બની હતી શામળાજી પોલીસે ગુન્હો નોંધી ઝીણવટભરી તપાસ હાથધરી ગાડીમાં મુસાફરો બેસાડી ચોરી કરતી આંતરરાજ્ય ગેંગના કડીમાં રહેતા શખ્સને ઝડપી પાડી ગેંગના ઉત્તર પ્રદેશના ત્રણ આરોપી ઝડપી પાડવા કવાયત હાથધરી હતી.

શામળાજી નજીક ટાટા સફારી કારમાં મુસાફરી કરનાર બે રાજસ્થાની મહિલાઓને ઉતારી દઈ તેમના થેલમાંથી લાખ્ખો રૂપિયાના સોનાના દાગીનાની ચોરી કરી ટાટા સફારીનો ચાલક અને મુસાફરના સ્વાંગમાં રહેલા ત્રણ આરોપી ફરાર થઇ જતા આ અંગે ગુન્હો નોંધાતા શામળાજી પોલીસે બંને મહિલાઓને સાથે રાખી હાઈવે પર રહેલા અનેક સીસીટીવી કેમેરા અને ખેરવાડા ટોલપ્લાઝાના કેમેરા રેકોર્ડીંગનું બારીકાઈથી નિરીક્ષણ કરી મહારાષ્ટ્ર પાસિંગની એક ટાટા સફારી જોવા મળતા મહારાષ્ટ્રમાં આ મોડ્સ ઓપરેન્ડીસથી લૂંટ ચલાવતી ગેંગ અંગે તપાસ કરતા મુસાફરોને લૂંટતી ઉત્તરપ્રદેશની આંતરરાજ્ય ગેંગ અંગે બાતમીદરો સક્રિય કરતા મહેસાણાના કડીમાં રહેતા મોહમદદ આસિફ આરીફ અંસારીને ટાટા સફારી સાથે દબોચી લઇ મહિલાઓને લૂંટી લેનાર ઉત્તર પ્રદેશના આરોપી ૧)તાજું અંસારી,૨)સોહીલ અંસારી અને ૩)સાદાબ વાહજુદ્દીન અંસારીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી શામળાજી પોલીસે ગણતરીના દિવસોમાં ગુન્હાનો ભેદ ઉકેલી મુસાફરોને ટાટા સફારી સહીત અન્ય વાહનોમાં બેસાડી તેમનો કિંમતી માલસામાન ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ કર્યો હતો.

**વધતી મોંઘવારીથી મહિલાઓ ત્રાહીમામ**

# ઉત્તર ગુજરાતમાં દૂધ, ઘી, બટર સહિતની ચીજવસ્તુના ભાવ વધતાં રસોડાનાં બજેટ ખોરવાયાં....!!!

**આકરા ઉનાળામાં માંગ વધશે તેમ ભાવ વધવાની દહેશતઃ ૬ મહિનમાં દૂધના ભાવમાં અઢી ટકાનો વધારો**

બાયડ, તા.૨૭

મોંઘવારી અંકુશમાં આવે તેવું વિચારતા હોય તો ભૂલી જજો. ઉત્તર ગુજરાતમાં દૂધ, ઘી, બટર સહિતની ચીજવસ્તુઓના ભાવ વધતાં લાખો ગૃહીણીઓનાં રસોડાનાં બજેટ ખોરવાઈ રહ્યાં છે. આકરા ઉનાળામાં દૂધની બનાવટની પ્રોડક્ટની માંગમાં બમણો વધારો થવાનો છે ત્યારે ભાવ આસમાને પહોંચે તેવી સંભાવના છે. પાછલા ૬ મહિનામાં દૂધના ભાવમાં અઢી ટકાનો વધારો થયો છે. રાજ્ય ઉપરાંત દેશના અનેક વિસ્તારોમાં દૂધ પહોંચાડતા દૂધ સંઘો ઉત્તર ગુજરાતમાં હોવા છતાં પ્રજા અને પશુપાલકોને કોઈ ફાયદો જોવા મળતો નથી. પ્રાપ્ત જાણકારી અનુસાર વધતી મોંઘવારીએ ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારનું જીવન ત્રાસદાયક કરી દીધું છે. આકરો ઉનાળો શરુ થાય તે પૂર્વે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં લીલા અને સૂકા ઘાસચારાનો ભાવ આસમાને પહોંચ્યો છે. જ્યારે પશુપાલક આખો દિવસ પશુની માવજત કરે તો પણ દૂધ વેચીને સારી આવક મેળવી શકતો નથી. પરંતુ દૂધ ખરીદનારા માલામાલ થઈ રહ્યા છે તે ઢાંક્યું રહ્યું નથી. ઉત્તર ગુજરાતમાં દૂધ, ઘી, બટર સહિત ડેરી પ્રોડક્ટના ભાવમાં તોતિંગ વધારો થઈ રહ્યો છે. ઘી ના ભાવમાં સતત વધારો થતાં હવે ગરીબ પરિવારોએ ઘી ખરીદવાનું પણ બંધ કરી દીધું છે. દૂધના ભાવમાં ફેબ્રુઆરી-૨૦૨૧ થી અત્યાર સુધીમાં રુ ૧૧ જેટલો તોતિંગ વધારો થયો છે અને આગામી દિવસોમાં પણ દૂધના ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો તોડાઈ રહ્યો છે. પાછલા ૬ મહિનામાં ઘી માં સૌથી વધુ ૧૦ટકા તેમજ દૂધમાં અઢી ટકા જેટલો ભાવ વધારો ઝીંકાયો છે અને પ્રજાને જીવન જરુરી દૂધ, દહીં, ઘી, બટરમાં સતત વધી રહેલા ભાવથી ખાસ કરીને ગૃહીણીઓનાં રસોડાનાં બજેટ મોટાપાયે ખોરવાઈ રહ્યાં છે. કારણ કે અનાજ, કઠોળ અને શાકભાજીના ભાવમાં વધારા પછી દૂધ અને તેની બનાવટની પ્રોડક્ટમાં થયેલો વધારો અનેક પરિવારોની કમર તોડી રહ્યો છે.

**૬ મહિનામાં કેટલો ભાવ વધારો ઝીંકાયો**

| સામગ્રી | ભાવ વધારો (ટકામાં) |
|---|---|
| ઘી | ૧૦ ટકા |
| દહીં | ૨.૫૦ ટકા |
| દૂધ | ૨.૨૦ ટકા |
| બટર | ૦.૩૦ ટકા |
| આઈસ્ક્રીમ | ૧.૫૦ ટકા |

# જિલ્લામાં પોસ્ટ કોવિડ ઈફેક્ટ વધી, દરરોજ દર્દીઓમાં ઉત્તરોત્તર વધારો

બાયડ, તા.૨૭

લગ્નસરાની સીઝન પૂરી થવાની તૈયારીમાં છે ત્યારે જિલ્લામાં શરદી, ખાંસી, તાવના કેસમાં વધારો અને ખાસ કરીને ખાનગી દવાખાના અને હોસ્પિટલો આવા દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. શરદી, ઉધરસ હોય તો હળવાશથી ન લેશો. જિલ્લામાં પણ પોસ્ટ કોવિડ ઈફેક્ટ વધ્યાનું ધીમા સ્વરે ખાનગી તબીબો સ્વીકારી રહ્યા છે. દરરોજ દર્દીઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં અંદાજીત ૩ લાખથી વધુ લોકો તાવ, શરદી, ઉધરસના સકંજામાં આવ્યાનું જાણવા મળ્યું છે. મળતી જાણકારી અનુસાર શિયાળાની વિદાય અને ઉનાળો શરુ થાય એટલે હવામાન પલ્ટાવની અસર માનવ શરીર ઉપર જોવા મળતી હોય છે. જેથી તાવ, શરદી અને ઉધરસના કેસમાં ઉછાળો આવતો હોય છે પરંતુ આ વર્ષે કહેવાતી વાયરલ બિમારીથી ચેતવું પડે તેમ છે. કારણ કે સમગ્ર વિશ્વમાં એન્ફલુએન્જાના કેસમાં વધારો થઈ રહ્યો છે. કેટલાક તબીબોએ આ પ્રકારની બિમારીને હળવાશથી ન લેવા દર્દીઓ અને તેના સંબંધીઓને તેચવણી આપી છે. જ્યારે આવી બિમારીમાં વધારે પડતી એન્ટીબાયોટીક દવાઓ દર્દી માટે ઘાતક સાબિત થઈ શકે છે અને કોરોના પછી આ પ્રકારના કેસમાં ઉછાળો ચિંતાજનક છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, બાયડ, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, વડાલી સહિતના વિસ્તારોમાં આવા દર્દીઓની સંખ્યામાં દરરોજ વધારો થઈ રહ્યો છે. ડૉક્ટર પાસે સારવાર કરાવે છે તો કેટલાક મેડીકલ સ્ટોર્સમાંથી તાવ, શરદી, ઉધરસની દવા લઈને રોગચાળો અટકાવવાના પ્રયાસ કરી રહ્યા છે પરંતુ ડૉક્ટરોએ આવા દર્દીઓને ચેતવ્યા છે અને તાવ, ઉધરસના કેસ સાથે કોરોનાને સીધો સબંધ હોવાનું સ્પષ્ટપણે જણાવ્યું છે જેથી તાવ, શરદી, ઉધરસમાં પટકાયેલા દર્દીઓએ તજજ્ઞ તબીબની સલાહ અને લેબપરીક્ષણ કરવું અનિવાર્ય છે.

# ડીસામાં જીવલેણ હુમલાના બનાવમાં વધુ બે આરોપીની અટકાયત

**પોલીસની ટીમે આઠ આરોપી પકડયા : હજુ બે ફરાર**

ડીસા,તા. ૨૭

ડીસામાં અઠવાડિયા અગાઉ અપશબ્દ બોલવા બાબતે સરકારી હોસ્પિટલ પાસે બે યુવકો પર ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. લાલચાલી વિસ્તારમાં રહેતા અંકિત ઉર્ફે માઈકલ ઠાકોર અને મનોજ ઠાકોર ઉપર ટોળાએ ધારિયા, તલવાર અને ધોખા વડે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમાં સારવાર દરમિયાન અંકિત ઉર્ફે માઈકલ ઠાકોરનું પાલનપુરની સરકારી હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. આ બનાવને લઈ પોલીસે ટોળા સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે અલગ અલગ બે ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. આ હત્યાના કેસમાં પોલીસે અગાઉ ૬ આરોપીઓની અટકાયત કર્યા બાદ આજે વધુ બે આરોપીઓ ચેતન સોની અને ભુપેન્દ્ર ઉર્ફે ભોમા સોનીની અટકાયત કરી છે. જેમાં હજુ પણ તપાસ દરમિયાન વધુ બે આરોપીઓના નામ બહાર આવ્યા હતા. ત્યારે આ બનાવમાં પોલીસે અત્યાર સુધી કુલ આઠ આરોપીઓની અટકાયત કરી અન્ય બે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

## મોડાસા શહેરમાં ખુલ્લેઆમ ૨૦ તલવાર સાથે ત્રણ શખ્સો ફરતા PI વાઘેલાને નજરે પડતા દબોચી લઇ જેલમાં ધકેલ્યા

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેરમાં અસામાજીક તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે બસ સ્ટેન્ડ પાછળના વિસ્તારમાં હિંમતનગરના ત્રણ શખ્સો





તલવારો સાથે કોઈ ગુન્હાને અંજામ આપવા કે વેચાણ અર્થે ફરતા ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર વાઘેલાને નજરે ચઢતા ત્રણે શખ્સોને દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી તલવારો સાથે ઝડપાયેલ ત્રણે આરોપી સામે ખુદ પીઆઈ વાઘેલા ફરિયાદી બન્યા છે.

મોડાસા ટાઉન પીઆઈ ડી.કે.વાઘેલા અને તેમની ટીમ શનિવારે બપોરે શહેરમાં પેટ્રોલિંગ હાથધરતા બસ સ્ટેન્ડ પાછળ વિસ્તારમાં ત્રણ શખ્સો તલવારો સાથે જોવા મળતા ચોંકી ઉઠ્યા હતા ત્રણે શખ્સોને અટકાવી તલાસી લેતા તેમની પાસેથી ગેરકાયદેસર ૨૦ તલવારનો મળી આવતા પોલીસે હિંમતનગરની ગિરધર નગર સોસાયટીમાં રહેતા ૧)પરમવીર શક્તિસીંગ લવાર,૨)ધનરાજ દાસસ્તાન લવાર અને ૩) કિશન જોગીન્દર ગાદલીયા નામના ત્રણે આરોપીઓ સામે અલગ અલગ જીપી એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા




દર વર્ષની જેમ નટુભાઈ ચૌધરી પુંસરી પરિવાર તરફથી ઉનાળામાં રસ્તે નીકળતા કોઈપણ વ્યક્તિને પગમાં ચંપલ ન હોય તો વિતરણ કરવાના ટેક નો પ્રારંભ આજે નટુભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયોજક નરેન્દ્ર પટેલ મોડાસા થી પુંસરી વચ્ચે જતા બાળકો મળ્યા કે જેમના પગમાં ચપ્પલ ન હતા તો તેમને ઊભા રાખી પૂછ્યા કરતા નિર્દોષ બાળકોએ કહ્યું તૂટી ગયા છે નવા લાવ્યા નથી મારી માં કહે છે કે પૈસા નથી નિર્દોષતા ભાવ સાથે આપેલ જવાબ સાંભળી નવાઈ લાગી ત્રણે બાળકોને નવા ચપ્પલ પહેરાવ્યા બાળકોની ખુશી જોઈ શકાતી હતી પરંતુ ત્રણેની નવા ચંપલ મળતા તેમને પણ મિત્રતાનો અહોભાવ પ્રગટ કર્યો છેલ્લે ટાટા કરી આભાર વ્યક્ત કર્યો. દર વર્ષ ની જેમ આ વર્ષ પણ એક હજાર ચમ્પલ વિતરણ કરવાનું આયોજન કરેલ હોવાનું નરેન્દ્ર પટેલે એક મુલાકાત માં જણાવ્યું હતું.

# ૧૦૭૫ વર્ષ પછી દુર્લભ સંયોગ, તા.૧ અને ૨ માર્ચે નજારો જોવા મળશે

**ઉત્તર ગુજરાતના આકાશમાં નરી આંખે શનિ, મંગળ, શુક્ર અને ગુરુ એક હરોળમાં આવશે : આવો નજારો ઈ.સ.૯૪૭ પૂર્વે જોવા મળ્યો**

બાયડ, તા.૨૭




સમગ્ર વિશ્વમાં અનેક એવી ખગોળીય ઘટનાઓ બની છે કે પ્રજા અચંબિત બનવા જઈ રહી છે. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પાછલા પખવાડીયા દરમ્યાન આકાશમાં રાત્રે ટ્રેન દોડતી હોય તેવો નજારો જોવા મળતાં હલચલ મચી ગઈ હતી અને હવે આકાશમાં વર્તમાન અઠવાડીયામાં તા.૧ અને ૨ માર્ચના રોજ શનિ, મંગળ, શુક્ર અને ગુરુ એક હરોળમાં આવશે. આકાશ સ્વચ્છ થશે તો તે નરી આંખે પણ જોવા મળશે. આવો નજરો ૧૦૭૫ વર્ષ પછી વર્તમાન પેઢીને જોવા મળશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રશિયા-યુક્રેન વચ્ચે ચાલતા યુદ્ધને ગત રોજ ૧ વર્ષ પુરુ થયું. આધુનિક હથિયારો ગમે તેટલા હોય પરંતુ કોઈની તાકાત ઓછી આંકવી મહાન ભૂલ સાબિત થતી હોય છે. નાનકડું યુક્રેન રશિયાને હંફાવી રહ્યું છે. જ્યારે આકાશમાં કોઈ નજારો જોવા મળે એટલે યુદ્ધના ભણકારા વાગતા હોય છે. દેશની પાકિસ્તાન અને ચીનની સરહદો પણ તંગદિલીથી ઘેરાયેલી છે અને આવા સમયે આકાશમાં રાત્રે કોઈ ચમકારો દેખાય તો પ્રજા ચિંતિત બની જાય છે. અમેરીકાના ધનાઢ્યએ અસંખ્ય સેટેલાઈટ ભ્રમણમાં મૂકતાં અનેક વિસ્તારોમાં આકાશમાં ઉડતી ટ્રેન જેવો નજારો જોવા મળ્યો. આકરુન્દ હાઈસ્કુલના વિજ્ઞાન શિક્ષક રવિ એન. પટેલે જણાવ્યું કે ભ્રમણમાં એક ખુબજ દુર્લભ સહયોગ બનવા જઈ રહ્યો છે જે નરી આંખે પણ જોઈ શકાય છે. આ અઠવાડીયે શિન, મંગળ, ગુરુ અને શુક્ર એક હરોળમાં આવશે. આ અગાઉ આવો નજારો ઈ.સ.૯૪૭ પૂર્વે જોવા મળ્યો હતો. આ દુર્લભ સહયોગ ૧૦૭૫ વર્ષ પછી આકાશમાં જોઈ શકાશે. ખાસ કરીને શિક્ષકો અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સહિત તમામ યુવાનોને આ અમૂલ્ય નજારો જોવા અપીલ કરાઈ છે.

**શુક્ર અને ગુરુનું અંતર ઘટશે અને ગ્રહો નજીક આવશે**

ઉત્તર ગુજરાતના આકાશમાં ગત રોજ સૂર્યાસ્ત પછી પશ્ચિમ દીશામાં ચંદ્ર, ગુરુ અને શુક્રની યુતિનો નજારો જોવા મળ્યો. હવે આવી બીજી ખગોળીય ઘટના તા.૧ અને ૨ માર્ચે જોવા મળશે જેમાં ધીમે ધીમે શુક્ર અને ગુરુનું અંતર ઘટશે જેથી બંન્ને ગ્રહો એકબીજાની નજીક આવશે. શુક્ર સૂર્યમાળાનો સૌથી વધુ પ્રકાશિત ગ્રહ છે અને ગુરુ મોટો ગ્રહ છે. જેથી આવી ખગોળીય ઘટનાઓ બાળકોને બતાવવી જોઈએ જે તેમને અભ્યાસમાં પણ કામ આવી શકે છે.

# મોડાસાના શાસ્ત્રી મેદાનના ખુલ્લા કુવામાં યુવક ખાબકતા ફાયર બ્રિગેડે રેસ્ક્યુ કરી બચાવ્યો

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેરના માલપુર રોડ પર રેલવે સ્ટેશન નજીક આવેલા શાસ્ત્રી મેદાનના નજીક આવેલ કુવામાં મેદાનમાંથી પસાર થતો રાહદારી યુવક અગમ્ય કારણોસર કુવામાં ખાબકતાં ભારે હો...હા મચી હતી યુવક કુવામાં પડતા નજીકમાં ક્રિકેટ રમતા યુવકો અને લોકો દોડી આવ્યા હતા મોડાસા નગર પાલીકા ફાયર બ્રિગેડની ટીમને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી યુવકનું રેસ્ક્યુ કરી બચાવી લીધો હતો. મોડાસાના માલપુર રોડ પર શાસ્ત્રી મેદાન ક્રિકેટ પ્રેમીઓમાં ખુબ જાણીતું છે રવિવારે અને રજાના દિવસે મોટી સંખ્યામાં ક્રિકેટરો ક્રિકેટ રમવા મેદાનમાં આવે છે મેદાન નજીક અવાવરું કૂવો ખુલ્લો મૂકી દીધો છે કૂવાની આજુબાજુ પ્રોટેકશન વોલ ન હોવાથી અકસ્માતની ભીતિ સેવાઈ રહી હતી ત્યારે સોમવારે સવારે શાસ્ત્રી મેદાન નજીકથી પસાર થતો યુવક અવાવરું કુવામાં અગમ્ય કારણોસર ખાબકતા બુમાબુમ કરી મૂકી હતી યુવક કુવામાં પડતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા ફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી યુવકનું રેસ્કયુ કરી બચાવી લીધો હતો સદનસીબે યુવકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી યુવકનો બચાવ થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો



# પ્રાંતિજના ઘડકણમાં દિકરીની છેડતી કરનાર ઈસમ સામે પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના ધડકણ ગામે કરીયાણુ લઈ ને ધરે આવતી સગીરા ની છેડતી કરનાર ગામનાજ ઈસમ સામે પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે ૧૭ વર્ષ ૮ માસ ની સગીરા ગામમાજ ખાતે કરીયાણુ લઈ ને ધરે જતી હતી તે દરમ્યાન ગામનોજ યુવાન વિજયસિંહ કલાજી રાઠોડ સામે આવી અચાનક ખભાના ભાગે પકડી સગીરા ને તેની સાથે સબંધ રાખવા દબાણ કરી ખેચતાણ કરી શારિરીક અડપલા કરવા લાગેલો જેથી સગીરા ધકકો મારી દોડીને ધરે જતી રહી હતી તો વિજયસિંહ અવારનવાર સગીરા નો પીછો કરી ફોટા પાડતો હતો અને સબંધ રાખવાનુ અને સબંધ નહિ રાખે તો જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હોઈ તેની વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવા સગીરા ના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે વિજયસિંહ કલાજી રાઠોડ રહે ધડકણ તા.પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠા વિરૂધ્ધ આઈપીસીકલમ ૩૫૪,૩૫૪એ (૧) (૨),૩૫૪ડી (૧), ૫૦૬ (૨) તથા પોકસો કલમ-૧૨ મુજબ ગુનોનોંધી કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી.

**પાલનપુરમાં ડીસા હાઇવેથી યુવકનું અપહરણ...**

# માર મારી તેનો અશ્લીલ વિડિઓ બનાવી ધમકી : યુવતી દ્વારા ફોન કરાવી યુવકને મળવા બોલાવી હુમલો કર્યો

**આંખો ઉપર પટ્ટી બાંધી યુવકને દાંતીવાડા ડેમ નજીક લઈ જઈ નગ્ન વિડિઓ ઉતારી છોડી મૂક્યો**

પાલનપુર તા.૨૭

પાલનપુર પંથક મા છેલ્લા કેટલાક સમયથી કોલેજીયન યુવતી અને વિદ્યાર્થીની સાથે થયેલી દોસ્તી કે પ્રેમ સંબંધ સંદર્ભે સામાજિક આગેવાનો કે યુવાનો છોકરીના પક્ષ લઈ પ્રેમ કરનાર કે દોસ્તી કરનાર યુવક કે વિદ્યાર્થીને અપહરણ કરી માર મારી નગ્ન વીડીયો ઉતારી છોડી દેવાના બનાવો ની જાણે ભરમાર સર્જાય છે. પાલનપુરના આવાજ એક અપહરણ બાદ ઝેરી પ્રવાહી પીવડાવી છોડી દેવાયેલ આર્યન મોદી નામના યુવાનની હત્યા થી સમગ્ર બનાસકાંઠા અને રાજ્યભરમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આવા જ એક બનાવવામાં પ્રેમ કે દોસ્તી કરનાર યુવકને ફોન કરી બોલાવી યુવતી અને તેના સાથીદારો પ્રી પ્લાન મુજબ યુવકને પકડી અપરણ કરી માર મારી નગ્ન વિડીયો બનાવવાના ચોંકાવનારો બનાવ પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકના ચોપડેનોંધાયો છે. પાલનપુરના પશ્ચિમ પોલીસ મથકમાં આરોગ્યકર્મી યુવાને ૭ જણા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. યુવતી સાથે વાત કરવા બદલ યુવકોએ યુવતી દ્વારા ફોન કરાવી મળવા બોલાવ્યો હતો અને માર મારીને આંખો ઉપર પટ્ટી બાંધી યુવકને દાંતીવાડા ડેમ નજીક લઈ જઈ માર મારી નગ્ન વિડિઓ ઉતારી ફરી કારમાં પરત પારપડા ગામ ઉતારી ગયા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ ઘટનાથી ડઘાઈ ગયેલા પીડિત યુવકે ૯ દિવસ બાદ ૭ શખ્સો સામે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.મૂળ ચડોતરનો અને પાલનપુરના નવા લક્ષ્મીપુરામાં રહેતા રોહિત ઠાકોર નામના યુવકનો ૧૫ ફેબ્રુઆરીએ રાધનપુરની સ્ત્રીમિત્રનો મળવા માટે ફોન આવતા રોહિત તેના મારી માસીના દિકરો વિનોદ સાથે એકટીવા લઈને ઝાયકા હોટલ ઉપર ગયેલા જ્યાં મહિલા મિત્રએ પુલના વચ્ચે નાળાની નીચે ઉભી છુ તેમ જણાવતા રોહિત એકટીવા લઈ ત્યાં જતા સાતેક જણા પહેલેથી ત્યાં હાજર હતા જેમા કુશકલ ગામનો કલ્પેશ ગુડોલ સહિતના લોકોએ તુ છોકરીઓને લઈને કેમ ફરે છે? તેમ કહી માર મારી આઈ ટવેન્ટી ગાડીમા બેસાડી આંખો ઉપર રૂમાલ બાંધી દાંતીવાડા ડેમ નજીકના વિસ્તારમાં લઈ ગયા હતા જ્યાં મારમારી કપડા કાઢી વીડીયો બનાવ્યો હતો. અને આ બાબતે કોઈને કહીશ તો નગ્ન વીડીયો વાયરલ કરી જાનથી મારી નાખી નાખવાની ધમકીઓ આપી આઈ ટવેન્ટી ગાડીમાં પારપડાના રામાપીરના મંદિર પાસે ઉતારી દેવાયો હતો જે બાદ પરિવારને વાત કરી હતી.

**કોની સામે ગુન્હો નોંધાયો**

(૧) કલ્પેશ લક્ષ્મણભાઈ ગુડોલ, ગામ. કુશકુલ,તા. પાલનપુર,,
(૨) રાહુલ દેવજીભાઈ ચૌધરીગામ. માલણા,તા. પાલનપુર,
(૩) સુરેશભાઈ સરદારભાઈ કાથરોટીયા ગામ. પટોસણ,તા. પાલનપુર,
(૪) પ્રકાશ પરાગભાઈ ચૌધરી ગામઃ મલાણાતા. પાલનપુર,
(૫) ભરત ભુપતભાઈ બોકા ગામ. ખેમાણા,તા. પાલનપુર,
(૬) હરેશ અમરાભાઈ ચૌધરી ગામ. રાણાવાસ, તા. પાલનપુર,
(૭) અજાણ્યું